વંચાણે લીધા : પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૦૮/૨૦૧૭, તા.૨૨/૦૨/૨૦૧૭

**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૧૨ /૨૦૧૮,**

**તા. ૩ /૪ /૨૦૧૮**

હું, ડૉ.કે.એલ.એન.રાવ IPS, ઇ/ચા. પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૨૮/૨/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૨૮/૨/૨૦૧૯ સુધી નીચે પ્રમાણેનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**(૧)** અખબારનગર સર્કલથી ન્યુ રાણીપ બસ સ્ટેન્ડ તરફ જવાનો રસ્તો પલક ટી સુધીનો બી.આર.ટી.એસ. ની રેલીંગથી સાડા ચાર મીટરનો રસ્તો તા.૨૮/૨/૨૦૧૯ સુધી બંધ રહેશે. વ્યાસવાડી ચાર રસ્તા કટ ખુલ્લો રહેશે.

**વૈકલ્પિક રુટ :** અખબારનગર સર્કલ થી ડાબી બાજુ વળી વિશ્વ આર્કેડ (લાડલી જંક્શન) થી જમણી બાજુ વળી સ્વામિ વિવેકાનંદ ઇન્સ્ટીટયુટ, શ્રીનાથ ચોકડી (ઉજાલા સર્કલ) થઇ સૌરભ હાઇસ્કુલ ટી થી જમણી બાજુ વળી પલક ટી તરફ જઇ શકાશે.

**અખબારનગર સર્કલથી રાણિપ બસ સ્ટેન્ડ ટી સુધીનો સમગ્ર રોડ તેમજ અખબારનગર સર્કલથી ડાબી બાજુ વળી વિશ્વ આર્કેડ (લાડલી જંક્શન) થી જમણી બાજુ વળી સ્વામિ વિવેકાનંદ ઇન્સ્ટીટયુટ, શ્રીનાથ ચોકડી (ઉજાલા સર્કલ) થઇ સૌરભ હાઇસ્કુલ ટી થી જમણી બાજુ વળી પલક ટી સુધીનો સમગ્ર રોડ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨૮/૨/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૩ / ૪ /૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો ~~કરી~~ આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૩ /૪ /૨૦૧૮
અમદાવાદ શહેર

( ડૉ.કે.એલ.એન.રાવ )
ઇ/ચા. પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ પ્રસિધ્ધ કરવા સારૂ.